# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દરેક નાગરિકને લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરાવવા અનુરોધ કર્યો.**
2. **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં રાજ્યમાં 14 કરોડ લોકોને લાભ મળ્યો.**
3. **ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ખેડાના નડિયાદમાંથી 3 હજાર કિલોથી વધુ ભેળસેળયુક્ત ઘી જપ્ત કર્યું.**
4. **આજે રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરાશે.**
5. **અમદાવાદની નેના દેસાઈએ નેશનલ પેરા પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકો ને લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરાવવા અનુરોધ કર્યો.

ગઇકાલે રાજકોટમાં શ્રીનાથધામ હવેલી ખાતેથી વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા આયોજિત થેલેસેમિયા મેગા ટેસ્ટ ઝુંબેશનો પ્રારંભ કરાવતાં શ્રી પટેલે કહ્યું થેલેસેમિયાગ્રસ્ત બાળકોને લોહી , દવાઓ તેમજ જરૂરી તમામ રિપોર્ટની સુવિધા સરકાર વિનામૂલ્યે આપે છે.

## બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

શ્રી પટેલે રાજકોટમાં મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળના 565 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. આ ઉપરાંત તેમણે રાવળ સમાજના 174 પરિવારોને સનદનું વિતરણ કર્યું હતું.

---

# PM-GKAY BENEFICIARY

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ( PM-GKAY) અંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં ગુજરાતમાં લગભગ 14 કરોડ લોકોને લાભ મળ્યો છે. કેન્દ્રીય ગ્રાહક બાબતો અને ખાદ્યાન્ન રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ઉપરોક્ત માહિતી આપી હતી.

તેમણે જણાવ્યુ કે , કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ 2021-22થી છેલ્લાં ત્રણ વર્ષમાં રાજયને એક હજાર 329 કરોડ રૂપિયાની ખાદ્ય સબસિડીની ચૂકવણી કરી છે.

સુશ્રી બાંભણિયાએ જણાવ્યું કે , ભારત સરકારે નાણાંકીય વર્ષ 2021-22થી છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન PM-GKAY હેઠળ રાજ્યમાં અનાજ પહોંચાડવાના તથા હેન્ડલિંગ ખર્ચ અને વાજબી ભાવની દુકાનના સંચાલકોના માર્જિનના ખર્ચને પહોંચી વળવા માટે એજન્સીઓને સહાય તરીકે રાજ્યને 694 કરોડ રૂપિયા આપ્યા છે.

આ યોજના હેઠળ કુલ 81 કરોડ 35 લાખ લોકોને મફત અનાજ મેળવવા માટે આવરી લેવાનું લક્ષ્ય છે. હાલમાં લગભગ 80 કરોડ 56 લાખ લાભાર્થીઓ આ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

---

# DUPLICATE FOOD

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા નડિયાદની શ્રી ક્ષેમ કલ્યાણી મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડકટસ પાસેથી ત્રણ હજાર એક સો કિલોગ્રામ ઘીનો જથ્થો જપ્ત કરી લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યો છે. જેની અંદાજીત કિંમત આશરે 8 લાખ રૂપિયાથી વધુ છે. તેમજ કંપનીના લાયસન્સને તાત્કાલીક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

આ પહેલા બે વાર આ વેપારીને ઘીમાં ભેળસેળ માટેના બે અલગ-અલગ કેસમાં 2 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

---

# GUJARAT VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં આજે કૃષિ , પશુપાલન, મત્સ્યોધ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી તેમજ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણમંત્રી વિવિધ પ્રશ્નોના જવાબ આપશે.

આ ઉપરાંત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના વર્ષ 2023 -24ના વાર્ષિક હિસાબો અને અહેવાલ , ગુજરાત તકેદારી આયોગનો વર્ષ 2023નો વાર્ષિક અહેવાલ, ગુજરાત લોકાયુક્તનો વાર્ષિક અહેવાલ રજૂ થશે.

વિધાનસભામાં આજે વર્ષ 2025નું ગુજરાત વિનિયોગ વધારાના ખર્ચ વિધેયક, ગુજરાત વિનિયોગ વિધેયક , અને ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક રજૂ થશે.

---

# OBESITY COMMITTEE

સ્વસ્થ ગુજરાત અને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની રૂપરેખા નક્કી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સંચાલન અને કાર્યવાહક સમિતિની પણ રચના કરવામાં આવી છે.

આ સમિતિમાં ઋષિકેશ પટેલ , ડૉ. કુબેર ડિંડોર , ભાનુબેન બાબરિયા , હર્ષ સંઘવી, જગદીશ વિશ્વકર્મા સહિતના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે . આ સાથે સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાનીને સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરાયા છે.

સંચાલન સમિતિના દિશાનિર્દેશોનો અને નિર્ણયોનો સુચારું અમલ થાય અને કાર્યક્રમની સુયોગ્ય ઉજવણી થાય તે માટે મુખ્ય સચિવ પંકજ જોષીની અધ્યક્ષતામાં કાર્યવાહક સમિતિની પણ રચના કરાઇ છે.

---

# HEALTH WORKERS

હડતાલ કરી રહેલા આરોગ્ય કર્મચારીઓ સામે રાજ્ય સરકારે કડક કાર્યવાહી કરી છે.ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , એક હજાર 300 થી વધુ આરોગ્ય કર્મચારીઓને છૂટા કરાયા છે.

જેમાં મહીસાગર જિલ્લાના 292 આરોગ્ય કર્મચારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારીના મહાસંઘના ખજાનચી જગદીશ પ્રજાપતિને પણ છૂટા કરાયા છે.

---

# WORLD THEATRE DAY

જીવંત નાટક થકી લોકોની વચ્ચે જવાનું એક સુંદર માધ્યમ એટલે રંગભૂમિ. આજે 27 માર્ચે રાજ્ય સહિત વિશ્વમાં વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરાશે.

વર્ષ 1960માં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય રંગભૂમિ સંસ્થાન દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારથી લઈ અત્યાર સુધી વિશ્વની રંગભૂમિ અને રંગમંચ પર અનેક નાટક રજૂ થયા છે. સાંભળીએ એક અહેવાલ.

***(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)***

*સમગ્ર વિશ્વમાં રંગભૂમિ અને તેની સાથે જોડાયેલા કલાકારો , લેખકો, સંગીતકારો, નાટકના અનેક વિભાગ સાથે સંકળાયેલા કસબીઓને યાદ કરવાનો દિવસ એટલે વિશ્વ રંગભૂમિ દિવસ. આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ નાટ્ય પરંપરાને જાળવી રાખવાનો , તેને આગળ વધારવાનો, નાટ્યકર્મીઓને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવાનો છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ શેરી નાટક , ભવાઈ, પપેટ શો જેવા પરંપરાગત માધ્યમો પ્રચાર-પ્રસાર માટે*

*મહત્વનું સ્થાન ધરાવે છે. રાજ્ય સરકારનું માહિતી અને પ્રસારણ વિભાગ પણ સરકારની વિવિધ યોજનાઓને લોકો સુધી પહોંચાડવા પરંપરાગત માધ્યમોનો સહારો લે છે.....*

*(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

# AHMEDABAD DRAINAGE

અમદાવાદ શહેરમાં ચોમાસા દરમ્યાન અનેક વિસ્તારોમાં ગટરનું પાણી ઊભરાતું હોહય છે. આ અંગે હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપથી કામગીરી ચાલી રહી છે અને તેના કાયમી સમસ્યાની નિકાલ માટે કોર્પોરેશન દ્વારા વૈષ્ણોદેવી સર્કલથી ફતેવાડી કેનાલ સુધીનું ગટર લાઈનનું કામ હાલ પૂર જોશમાં ચાલી રહ્યું છે.

આ અંગે વધુ માહિતી અમદાવાદ સ્ટેન્ડિગ કમિટિના ચેરમેન દેવાંગ દાણીએ આપી હતી.

(બાઈટ – દેવાંગ દાણી)

---

# WEATHER

આગામી 24 કલાક રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શકયતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાશે . ત્યારબાદ ફરી એક વખત તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થવાની શક્યતાઓ છે.

બાઇટ: રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક

---

# PERA GOLD MEDAL

અમદાવાદની નેના દેસાઈએ નેશનલ પેરા પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. નોઇડા ખાતે યોજાયેલી નેશનલ પેરા પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં નેનાએ શાનદાર પ્રદર્શન કર્યું.

નેનાએ અત્યાર સુધીમાં રાજ્ય કક્ષાએ 4 સુવર્ણ અને એક રજત ચંદ્રક જયારે રાષ્ટ્રીય સ્તરે 2 સુવર્ણ , 1 રજત અને 2 કાંસ્ય ચંદ્રક જીતીને અમદાવાદની નામ રોશન કર્યું છે.

---

# IPL CRICKET RESULT

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈ કાલે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સને 8 વિકેટે હરાવ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સે માત્ર 17.3 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 153 રન બનાવીને 152 રનનો લક્ષ્યાંક પાર કર્યો હતો. ક્વિન્ટન ડી કોકે 61 બોલમાં અણનમ 97 રનની શાનદાર ઇનિંગ રમીને જીત સરળ બનાવી હતી.

અગાઉ, બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 151 રન બનાવ્યા હતા. કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી.

આજે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મગાવ્યા છે.

માસિક રેડિયો કાર્યક્રમની આ 120 મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું, આ સૂચનો સામાજિક સુખાકારી માટે સામૂહિક પ્રયાસની શક્તિને દર્શાવે છે. લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી, નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય- G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના સૂચનો મોકલી શકાશે. આ સૂચનો આવતીકાલ સુધી મોકલી શકાશે.

---